ગાંધીનગર સમાચાર

મોતીપુરા(સાદરા) ગામે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા ૨૧

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા નાં આરોગ્યકેન્દ્ર તેમજ મોતીપુરા(સાદરા) ગામના આંગણવાડી કેન્દ્ર નાં સંયુક્ત ઉપક્રમે મોતીપુરા ગામનાં ગ્રામજનો માટે મહિલા સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો.

સંકુલનાં સંયોજક રમેશભાઈ પટેલે પ્રસ્તાવિકતા કરતા કહ્યું હતું કે છેલ્લા દસ માસ થી આપને કોરોના સકમાન સામે બધા ઝઝૂમી રહ્યા છીએ.,જેના કારણે તમામ આર્થિક સંકળામણ નો સામનો કરી રહ્યા છીએ. નારી એ શક્તિ સ્વરૂપ છે. આવી વિકટ પરિસ્થિતિ માં નારી જો સશક્ત હોત તો આવનારી તમામ મુસીબતો ને માત આપી શકે છે. તેમજ તેમને વધુમાં જણાવ્યું કે કોરોના સંક્રમણથી ડરવાની જરૂર નથી-કોરોના સંક્રમણને હરાવવાની જરૂર છે તે અંગે વાર્તાલાપ કર્યો હતો. ડીન શ્રી જગદીશ સાવલિયા એ પણ માસ્ક પહેરી, વારંવાર સાબુ થી હાથ ધોઈ કોરોના સંક્રમણથી સાવધાન રહેવા જણાવ્યું હતું

મ.દે.ગ્રામસેવા સંકુલ સાદરા નાં તબીબી અધિકારી ડૉ નયનેશ વસાવા એ જણાવ્યું કે કોરોના રસી મુકાવવાથી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.રસી અંગેની ગેરમાન્યતાઓ દુર કરવા માટે માર્ગદર્શન આપ્યું તેમજ સરકારશ્રી દ્વારા યોજનાર રસીકરણ માં કોઈ પણ પ્રકારના ડર વગર ઉત્સાહ પૂર્વક ભાગ લેવા માટે અપીલ કરી હતી

મહિલા સરપંચ શ્રી નીરૂબેન પટેલે સરકારશ્રી દ્વારા યોજનાર રસીકરણમાં ભાગ લેવા આર્થિકરીતે મહિલાઓ ને પગભર થવા મહિલાઓ ને હાકલ કરી હતી

મધ્યસ્થ ગ્રંથાલયનાં ગાયક કલાકાર જગદીશ પરીખે તેમજ સંગીત ટુકડી નાં ગોવીંદ વાઘેલા અને જયંતી વાઘેલા એ લોકગીતો અને રસીકરણના ગીતો ગાઈને ગ્રામજનોને મંત્રમુગ્ધ કાર્ય હતા.

આંગણવાડી તરફથી નયનાબેન સી ત્રિવેદી અને લક્ષ્મીબેન બારિયા તેમજ મ.દે.સંકુલ નાં સેવકો જતીન સોલંકી તેમજ નરવરસિંહ રહેવર દ્વારા સમગ્ર કાર્યક્રમ ની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા એક અલગ પ્રકારના ગ્રંથ 'હિન્દુત્વ'નું રાજ્યપાલ દ્વારા વિમોચન કરાશે

ગાંધીનગર, તા. ૨૧

આજથી ૮૫ વર્ષ પહેલા કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયના વૈજ્ઞાનિક ડૉ. રામદાસ ગૌડની કલમે લખાયેલા 'હિન્દુત્વ' ગ્રંથનું ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ હસ્તે તા. ૨૨ જાન્યુઆરી, ૨૦૧૧ના દિવસે વિમોચન કરવામાં આવશે.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત આ પુસ્તક હિન્દુત્વનો વિશ્વકોષ છે અને તે વર્ષોથી દુર્લભ હતો. તેના ૧૦ ખંડ અને ૮૦ અધ્યાય છે તેમાં વેદ, વેદાંગ, દર્શન, સ્મૃતિ, કળા, ઈતિહાસ, રામાયણ, મહાભારત, પુરાણ, તંત્ર, પંથ અને સંપ્રદાયોની પ્રમાણભૂત માહિતી આપવામાં આવી છે. જેથી હિન્દુત્વ એટલે શું તેનો સામાન્ય નાગરિક અને યુવકોને પૂરો પરિચય મળી રહેશે. લગભગ ૮૦૦ પાનાંનો આ ગ્રંથ સમગ્ર દેશમાં પહેલીવાર પ્રકાશિત થઈ રહ્યો છે. મહામના મદન મોહન માલવિયા તેમજ વિદ્વાન પત્રકાર વાસુદેવ પરાડકર જેવા મહાપુરુષોની પ્રેરણાથી ૮૫ વર્ષ પૂર્વે આ પુસ્તક પ્રકાશિત થયું હતું.

૨૨મીએ રાજભવનથી રાજ્યપાલ આ પુસ્તકનું ઓનલાઈન વિમોચન કરાશે. તેમની સાથે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા જોડાશે. તેમજ ચાર યુનિવર્સિટીના કુલપતિશ્રી રમા શંકર દુબે (ગુજરાત કેન્દ્રિય વિશ્વવિદ્યાલય), ગોપબંધુ મિશ્ર (સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય), હિમાંશુ પંડ્યા (ગુજરાત યુનિવર્સિટી) તેમજ અમીબહેન ઉપાધ્યાય (ડૉ.બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટી) વિમોચન અને વક્તવ્ય આપશે. આ સમગ્ર કાર્યક્રમ સાંજે ૪:૦૦ વાગે ગુજરાત સાહિત્ય અકાદમીના ફેસબુક પેજ પરથી પ્રસારિત થશે. આ પુસ્તક ૫૦% વળતરથી ૨.૮૦૦ માં ઉપલબ્ધ થશે.



જન્મદિને વધામણી

નીતિન રાવત
મો. ૯૯૦૪૩ ૪૪૫૦૬



દર્શના એન રાંક
ગાંધી. જિલ્લા પૂરવઠા અધિકારી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

પુંધરા ગામમાં અનોખી સેવાકીય પ્રવૃત્તિ થઈ

ગાંધીનગર, તા. ૨૧

કોરોના વાયરસની મહામારીમાં લોકો પોતાનું અને પોતાના પરિવાર નું વિચારતા ઘણા થઈ ગયા છે પરંતુ તેની સામે પુંધરા ગામના વતની અને અત્યારે નિકોલ અમદાવાદ ખાતે વસવાટ કરતા પટેલ વિક્રમભાઈ કેશવલાલ કે જેઓ અત્યારે પોતાના ગામમાં વસવાટ નથી કરતાં પરંતુ વડીલોના આશીર્વાદ થી મળેલ ગુણો કે જેમને સમગ્ર પુંધરા ગામને એક પોતાનો પરીવાર સમજી ગામનો કોઈ વ્યક્તિ કોરોના થી સંક્રમિત થાય ત્યારે ઉપયોગ માં લેવાય અને કોરોના વાયરસ કોઈ વ્યક્તિ ને થતો અટકાવવા તેના ભાગ રૂપે નાશ લેવાના ૨૫૦૦થી વધું મશીનનું વિતરણ કરી એક માનવતાનુ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

રાષ્ટ્રીય સેવા યોજના એકમ સાદરા દ્વારા સડક સુરક્ષા મહિના ઉજવણી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા સડક સુરક્ષા મહિના ઉજવણી તરીકે કાર્યક્રમ યોજાયો જેમાં વોલન્ટીયર રણવીરસિંહ રહેવરે સાંકેતિક ચિહ્ન વિષય ખુબજ વિસ્તાર પૂર્વક ગૂજરાત વિદ્યાપીઠના બધાજ સેવકોને સમજાવ્યો હતો સપ્તાહની પ્રાસંગિક ભૂમિકા સંસ્થાના ડીનપ્રો. જગદીશચંદ્ર સાવલિયાએ આપી હતી અને કેવી રીતે આખા મહિના દરમ્યાન કાર્યક્રમો યોજવામાં આવશે તેની માહિતી પણ આપી હતી મહિના દરમ્યાન વિવિધ થીમ જેવીકે હેલ્મેટ અને સીટ બેલ્ટ બાંધવાનું જાગૃત્તિ, ઓવર સ્પીડીંગ, વાહન ફિટનેસ, પરમીટ, પ્રદુષણ જાંચ, પ્રેશર હોર્ન, મલ્ટી ટ્યુન હોર્ન, હાઈ સિક્યોરિટી નંબર પ્લેટ જેવા વિષયો પર લોકોને જાગૃત્ત કરવામાં આવશે સાથે સાથે યુવા વિધાર્થીઓમાં આ બધાજ વિષયો પ્રત્યે જાગૃત્તિ આવે તેના માટે વિવિધ સ્પર્ધાઓ જેવીકે સુત્ર લેખન, ચિત્ર લેખન, નિબંધ લેખન અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવશે સંપૂર્ણ ગુજરાતમાં પણ આ સડક સુરક્ષા વિષય પર લોકોમાં જાગૃત્તિ આવે તેના સંદર્ભમાં સોશલ મીડિયાના પ્લેટફોર્મનું ઉપયોગ કરી વિવિધ વેબીનારનો પણ આયોજન કરવામાં આવશે.

સંપૂર્ણ કાર્યક્રમમાં ગૂજરાત વિધાપીઠની રાષ્ટ્રીય સેવા યોજન એકમના સંયોજક ડૉ. અરુણભાઈ ગાંધીનો માર્ગદર્શન અને પ્રોત્સાહન રહ્યો છે કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું જયારે આભાર વિધિ ડૉ. અરવિંદભાઈ રામી દ્વારા કરવામાં આવી હતી.

માસ્ક પહેરો... સ્વસ્થ રહો...

શાહપુર શાળાના આચાર્યને શ્રેષ્ઠ પ્રિન્સિપાલ એવોર્ડ-૨૦૨૦ એનાયત થયો

ચિલોડા, તા. ૨૧

ગાંધીનગર તાલુકાની શાહપુર શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિનું શ્રેષ્ઠ પ્રિન્સિપાલ-૨૦૨૦ દ્વારા સન્માન કરાયું હતું.

તેમને શાળામાં લેખન કાર્યો, કોરોના મહામારીમાં કરેલી ગામગીરી તેમજ બાળકો માટે ઉપલબ્ધ કરેલ ડિજિટલ શૈક્ષણિય કાર્ય અંગતર્ગત 'શ્રેષ્ઠ પ્રિન્સિપાલ એવોર્ડ-૨૦૨૦' આપવામાં આવ્યા હતો. તેમણે આ એવોર્ડ ગાંધીનગર બી.આર.સી. કોર્ડિનેટર પંકજભાઈ પટેલના હસ્તે એનાયત થયો હતો.

માધવગઢ ગામે કોરોના રસીકરણ જાગૃતિ અભિયાન હાથ ધરાયું

ચિલોડા, તા. ૨૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના આરોગ્ય કેન્દ્ર દ્વારા આયોજિત આંગણવાડી કેન્દ્ર - માધવગઢના સહકારથી માધવગઢ ગામે કોરોના રસીકરણ જાગૃતિ અભિયાન હાથ ધરાયું હતું.

મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ - સાદરાના સંયોજક રમેશભાઈ પટેલ એ પ્રાસ્તાવિકતા કરતાં કહ્યું કે છેલ્લા ૧૦ માસથી કોરોના વાયરસના સંક્રમણ સાથે આપણે બધા ઝઝૂમી રહ્યા છીએ, હવે કોરોના રસીકરણનું કામ હાથ ધરાયું છે ત્યારે ગ્રામજનોએ રસીકરણ પહેલાં કે પછી ડરવાની જરૂર નથી. અફવાથી, ખોટી માહિતીથી અને અંધશ્રદ્ધાથી દૂર રહેજો. રસી મૂકાવ્યા વગર કોઈ પણ ગ્રામજન બાકી રહેવા જોઈએ નહીં. રસીકરણ પછી પણ દો ગજ કી દૂરી, માસ્ક જરૂરી, સાબુથી વારંવાર હાથ ધોઈ કોરોના સંક્રમણથી સાવધાન રહેવાનું છે.

આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારીઓ ડૉ. નયનેશ વસાવાએ જણાવ્યું છે કે કોરોના રસી મૂકાવવાથી રોગ પ્રતિકારશ શક્તિમાં વધારો થાય છે. ભયમુક્ત બનો અને માનસિક સ્વાસ્થ્ય મજબૂત બનાવો. રસીકરણની ખોટી ચર્ચાઓમાં પડ્યા વગર પ્રત્યેક ગ્રામજનોએ રસી મૂકાવવાની રહી ન જાય તે ધ્યાનમાં લેવું. મુખ્ય ગ્રંથાલયના ગાયક કલાકાર જગદીશભાઈ પરીખએ લોકગીતો અને રસીકરણનાં ગીત ગાઈ ગ્રામજનોને મંત્રમુગ્ધ બનાવ્યા. આંગણવાડી સંચાલિકા સોનલબેન વાણંદ અને અરખાબેન મકવાણાએ કાર્યક્રમની ગોઠવવામાં મદદ કરી હતી. આરોગ્ય કેન્દ્રના જતીન સોલંકી અને નટવરસિંહ રહેવરએ કાર્યક્રમના પૂર્વ આયોજનમાં મદદ કરી હતી.

ગાંધીનગર સાહિત્યસભાની ૨૪મી એ રવિવારે બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ૨૦૨૧ની એની પ્રથમ માસિક બેઠક રવિવાર, ૨૪ જાન્યુઆરીના રોજ સવારે સાડા નવ વાગ્યે ગુરૂકુળ હાઈસ્કૂલ હોલ સેકટર - ૨૩ ખાતે યોજેલ છે. કોરોનાને 'વિષ-૨૦' ના વર્ષમાં કણસતો મુકી નિરાશા ખંખેરી નવાં ઉત્સાહ સાથે ગાંધીનગરના સૌ સર્જકો એક નવાં વિષય સાથે મળી રહ્યા છે. ગાંધીનગર સાહિત્યસભા દ્વારા એનો પ્રથમ દિપોત્સવી અંક 'શબદ' પ્રકાશિત કરવામાં આવ્યો હતો અને એ સૌને પસંદ આવ્યો હતો. ગાંધીનગરના જાણીતા સાહિત્યકારથી લઈને નવોદિત સર્જકોની રચના એમાં સ્થાન પામી હતી અને એક સાચવવા જેવો અંક બન્યો હતો.

આ દીપોત્સવી અંક 'શબદ પ્રતિભાવ' સાથે સૌ સર્જક એમની રચના અને સમગ્ર અંક વિશે પ્રતિભાવ આપે એવી લાગણી સલાહકાર કવિ કિશોર જિકાદરા અને મહામંત્રી રમેશ ઠક્કરની હતી અને એ નિમિત્તે સૌ સર્જકોને મંચ પર પોતાના વિચારો વ્યક્ત કરવાની તક મળે એવા ભાવ સાથે આ બેઠક યોજાઈ છે. રેડિયો જોકી નેહલ ગઢવી કાર્યક્રમનું સંચાલન કરશે જ્યારે ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ નવા જોડાયેલા સભ્યોનું સ્વાગત કરશે. નજીકના સમયમાં અવસાન પામેલા સભ્યોને શ્રદ્ધાંજલિ રમણભાઈ વાઘેલા દ્વારા આપવામાં આવશે.

સ્ટવ ક્રાફ્ટ લિમિટેડનો આઈપીઓ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ ખુલશે

ભારતમાં કિચન એપ્લાયન્સિસ માટે અગ્રણી બ્રાન્ડ્સમાં સામેલ તથા પ્રેશર કૂકર્સ માટે વર્ચસ્વ ધરાવતી કંપનીઓ પૈકીની એક તેમજ ફ્રી સ્ટેન્ડિંગ હોબ્સ અને કૂકટોપ્સના વેચાણમાં બજારની લીડર કંપનીઓ પૈકીની એક (સ્રોતઃ F&S રિપોર્ટ, અમારી કંપની દ્વારા સ્પોન્સર્ડ) સ્ટવ ક્રાફ્ટ લિમિટેડ (''કંપની'') ૨૫ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ એનો આઈપીઓ (ઈનિશિલ પબ્લિક ઓફરિંગ) લાવશે. આ આઈપીઓમાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર'' અને આ પ્રકારનો આઈપીઓ, ''ઓફર'') સામેલ હશે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૩૮૪થી રૂ. ૩૮૫ નક્કી કરવામાં આવી છે. બિડ/ઓફર ૨૮ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ ગુરુવારે બંધ થશે. કંપની અને વિક્રેતા શેરધારકો BRLMs સાથે ચર્ચા કરીને એંકર રોકાણકારોની ભાગીદારીનો વિચાર કરી શકે છે, જેમના માટે ઓફર બિડ/ઓફર ખુલવાની તારીખના એક કામકાજ ચાલુ હોય એ દિવસે ખુલશે. આઈપીઓમાં રૂ. ૯૫૦.૦૦ મિલિયનના ફ્રેશ ઈશ્યૂ (''ફ્રેશ ઈશ્યૂ'') અને ૮,૨૫૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીના વેચાણની ઓફર સામેલ હશે, જેમાં પ્રમોટર રાજેન્દ્ર ગાંધીના ૬૯૦,૭૦૦ ઈક્વિટી શેર અને પ્રમોટર સુનિતા ગાંધી (રાજેન્દ્ર ગાંધી સાથે ''પ્રમોટર વિક્રેતા શેરધારકો'')ના ૫૯,૩૦૦ ઈક્વિટી શેર, સીક્વોઈયા કેપિટલ ઈન્ડિયા ગ્રોથ ઈન્વેસ્ટમેન્ટ હોલ્ડિંગ્સ ("SCI-GIH")ના ૧,૪૯૨,૦૮૦ ઈક્વિટી શેર અને SCI ગ્રોથ ઈન્વેસ્ટમેન્ટ ("SCI", SCI-GIH સાથે સંયુક્તપણે, ''રોકાણકાર વિક્રેતા શેરધારકો'') (પ્રમોટર વિક્રેતા શેરધારકો સાથે રોકાણકાર વિક્રેતા શેરધારકો, ''વિક્રેતા શેરધારકો'')ના ૬,૦૦૭,૯૨૦ ઈક્વિટી શેર સામેલ હશે.

બિટસ્ક્વેપએ વિન્ડોઝ સર્વર અને SQL સર્વરનું માઈક્રોસોફ્ટ એઝયોર એડવાન્સડ સ્પેશ્યલાઈઝેશનમાં માઈગ્રેશન કર્યું

બિટસ્ક્વેપે જાહેર કર્યું છે કે તેણે વિન્ડોઝ સર્વર અને જીઊ-સર્વરને માઈક્રોસોફ્ટ એઝયોર એડવાન્સડ સ્પેશ્યલાઈઝેશનમાં સ્થાળંતર કર્યું છે, જે પાર્ટનરનાં ઊંડા જ્ઞાન, બહોળો અનુભવ અને વિન્ડોઝ સર્વર અને જીઊ-સર્વર આધારિત વર્કલોડ્સને એઝયોરમાં સ્થળાંતરીત કરવાની નિપૂર્ણતા દર્શાવે છે. ગ્રાહકની સફળતાની આસપાસનાં ચુસ્ત ધોરણો અને સ્ટાફ સ્કીલીંગ તેમજ માઈગ્રેશન પ્રેક્ટીસીસ માટેનાં થર્ડ પાર્ટી ઓડિટમાં ઉર્તીણ થતાં પાર્ટનર્સ જ વિન્ડોઝ સર્વર અને જીઊ-સર્વરનું એઝયોર એડવાન્સડ સ્પેશ્યલાઈઝેશનમાં માઈગ્રેશન કરી શકે છે. કંપનીઓ તેમની એપ્લીકેશન્સને આધુનીકીરણ કરવા તરફ મીટ માંડીને ક્લાઉડ કોમ્પ્યુટીંગનાં સંપૂર્ણ ફાયદાઓ મેળવવા સજ્જ બની છે. તાજેતરનાં વિન્ડોઝ સર્વર ૨૦૦૮ ઈર અને જીઊ-સર્વર ૨૦૦૮ ઈર માટેનાં એન્ડ- ઓફ સપોર્ટને કારણે આવી કંપનીઓ એસેસ, પ્લાન અને પ્રવર્તમાન વર્કલોડસને ક્લાઉડમાં સ્થળાંતરિત કરવા માટે પાર્ટનર તરફ મીટ માંડી રહી છે.

ડૉ ગુલાબચંદ પટેલનો જન્મ દિવસ હિન્દી કવિ સંમેલન દ્વારા ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટ્રે બલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત મહાત્મા ગાંધી સાહિત્ય સેવા મંચ દ્વારા સંસ્થાના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ નો જન્મ દિવસ તારીખ ૧૯ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ બપોરે બે વાગ્યે ઑન લાઈન હિન્દી કવિ સંમેલન આયોજિત કરી ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌ શાળા અનુસંધાન સંસ્થાન નોઈડા ના ઋષિ ગૌતમ ગુરુજી દ્વારા કવિ સંમેલન નું ઉદ્ઘાટન કરી પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ ને અભિનંદન અને હાર્દિક શુભેચ્છા પાઠવી હતી અને આશીર્વાદ નો ધોધ વહાવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ ગુલાબચંદ પટેલ અખિલ ભારતીય ગુરુકુળ એવંમ ગૌશાળા અનુસંધાન સંસ્થાન નોઈડા - ગુજરાત પ્રદેશના અધ્યક્ષ છે

ડભોડા હનુમાન મંદિરની તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના કલાકાર 'નટુકાકા'એ મુલાકાત લીધી

ચિલોડા, તા. ૨૧

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે ડભોડિયા હનુમાનજી મંદિર શ્રદ્ધાના ધામ તરીકે જાણીતું છે. ત્યારે લોકપ્રિય સિરિયલ તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના નટુકાકા ઉર્ફે ઘનશ્યામભાઈ નાયકે મંગળવારે ડભોડિયા હનુમાન મંદિરે દર્શનાર્થી તરીકે પધાર્યા હતા.

તો આ ઘણાં સમયથી બિમાર રહેતા હતા. આથી બિમારીમાંથી મુક્ત થાય તો ડભોડિયા હનુમાનજીના દર્શનની માનતા નટુકાકાએ રાખી હતી. નટુકાકા મંગળવારે બિમારીમાંથી હેમખેમ સાજા થતાં દર્શન કરવા મંદિરે પધાર્યા હતા. આથી મંદિરના ટ્રસ્ટી રાજુભાઈ ગજ્જર સહિત તેમનું સ્વાગત કર્યું હતું.

આ કલાકારને જોઈને મંદિર ખાતે મોટી સંખ્યામાં ચાહકો અને નાના ભૂલકાઓ ઉમટી પડ્યા હતા. ત્યારે નટુકાકા સાથે સેલ્ફીઓ ફોટો પડાવવા ચાહકોની હોડ લાગી હતી. નટુકાકાએ સૌનો આભાર માની દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

ઐતિહાસિક ગામ પેથાપુર એકી અવાજે ડમ્પીંગ સાઈટનો વિરોધ કરે છે

ગામડું એટલે ભારત દેશનો આત્મા ગામડું શબ્દ કાને પડતા જ આપણી નજર સામે એક ચિત્ર ખડું થઈ જતું હોય છે. આજે એક એવા જ મારા વતન પેથાપુર ની વાત છે.ગામના પાસેથી ખડખડ વહેતી પવિત્ર સાબરમતીનાં પાણીમાં બાળપણમાં મેં અને મારા જેવા બિજા ઘણા મિત્રોએ ખૂબ જ ધુબાકા મારેલા. પવિત્ર સાબરમતીના કિનારે આવેલા મહાભારત સમયનું પૌરાણિક સુખનાથ મહાદેવનું શિવાલયતો ગામના હૃદય સમાન ગામલોકોના આરાધ્ય દેવ જ્યાં નાના-મોટા સૌ કોઈ દર્શને આવે સોમવાર અને શ્રાવણ માસમાં તો હર હર મહાદેવના નાદથી આખુ શિવાલય ગુંજી ઉઠે છે. એવું જ પૌરાણિક મહાકાળી મંદિર જ્યાં દર રવિવારે દૂર-દૂરથી લોકો ચાલીને આવે માં ના પારે શીશ નમાવે છે. તેવુજ વાંટા માં આવેલ આશરે ૫૦૦ વર્ષ જુનું શ્રી નેમિનાથ દિગંબર જૈન દેરાસર તથા બાવન જીનાલય દેરાસરને કેમ ભુલાય જ્યાં શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજે રોકાઈને ચાતુર્માસ કર્યો હોય. જ્યાં દુર દુરથી જૈન ધર્મના લોકો દર્શનાર્થે આવે છે. આ ગામે લોકોને ઘણું બધું આપ્યું છે. પેથાપુર એક સમયનું સ્ટેટનું ગામ હતું એ વખતની જાહોજલાલી પેથાપુરના આજુબાજુના ૨૫ ગામડાના લોકો પેથાપુરના બજારમાં ખરીદી કરવા માટે આવતા હતા. આ પેથાપુર ગામ માટે ગામના ઘણા વીરોએ બલિદાન આપ્યા છે. સુલતાનોથી માંડીને અંગ્રેજો સામે પણ આ ગામના લોકોએ યુદ્ધના મોરચો માંડીને રણમેદાનમા તલવારો ખેંચી છે. તેઓના અમર બલિદાન કારણે જ આજે આ ગામ આટલું વિકસ્યું છે. જેઓનું બલિદાન ગામલોકો હંમેશા યાદ રાખશે.

ગાંધીનગર શહેરનો વિકાસ અને વિસ્તાર થઈ રહ્યું છે. તે સારી બાબત છે પણ તેના કારણે ઘણી હાલાકી ભોગવવી પડે છે. ગાંધીનગરના વિકાસના સાથે સાથે શહેરમાં એકઠા થતા ઘન કચરાના નિકાલની સમસ્યા પણ વિકરાળ થઈ રહી છે. ગાંધીનગર શહેરનો અને આજુબાજુ વિસ્તારનો ઘનકચરો એ પેથાપુર ગામમાં ડમ્પિંગ સાઈડ બનાવવાનો હુકમ થયો જેના કારણે સમગ્ર ગ્રામજનો ખુબ જ સખત વિરોધ નોંધાવ્યો છે. છેક સુધી લડી લેવા માટે સમગ્ર ગ્રામજનો તૈયાર થઈ ચૂક્યા છે.

પેથાપુર જે ડમ્પિંગ સાઈડ મંજુર થયેલ છે. ત્યાંથી થોડા જ અંતરે પવિત્ર સાબરમતી નદી જેમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતે સ્નાન કર્યું હોય. તેમજ જ્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાન રાત્રિ રોકાયા હોય તેવી પવિત્ર જગ્યાએ શિવાલય એટલે મહાભારત સમયનું પૌરાણિક સુખડનાથ મહાદેવ મંદિર આવેલ છે. હિન્દુ સમાજ માટે એક બાજુ શિવાલય તો બિજી બાજુ પવિત્ર ગણાતી સાબરમતી નદી હોય. આખાય શહેરનો કચરો અને ગંદકી તો નાજ નંખાય આવી પૌરાણિક પવિત્ર જગ્યાએ. આ જગ્યાએ ગાંધીનગર શહેરના ઘન કચરા માટે ડંમ્પિગ સાઈટ બનવા જઈ રહી હોય તો તેનો સખત વિરોધ અને આક્રોશ ગામના લોકો વ્યક્ત કરે છે.